# <u>બાર વાઘને ખાઈ જનારી</u>



એક ખેડૂત હતો. એની પાસે હળ અને બે બળદ હતા. એ વડે એ ખેતી કરતો હતો. એના ઘરમાં પટલાણી બહાદુર હતી. એણે એક જબરી ગાય રાખી હતી. એનું ઘી–દૂધ ખાઈ છોકરા ઊછરતા હતા. ખેડૂત બધી વાતે સુખી હતો.

એક વેળા એ ખેતર ખેડતો હતો ત્યાં એક વિકરાળ વાઘ સામે આવીને ઘૂરકવા લાગ્યો.

વાઘ કહે, "તને ખાઉં, તારા બળદને ખાઉં."

ખેડૂત એને પગે પડીને કહે, "મારા બળદને ના ખાઈશ. પછી મારી ખેતી કેમ ચાલશે ? અનાજ નહીં પાકે તો મારા ઘરના ખાશે શું?"

વાઘ કહે, "તો પછી તને ખાઉં."

ખેડૂત કહે, "મને બળદને લઈને ઘેર જવા દે. મારે ઘેર એક દૂઝણી ગાય છે. એને લઈ પાછો આવું છું. તું તારે ધરાઈને એ ગાયને ખાજે."

વાઘ કહે, "ભલે. પણ જો ઝટ પાછો ના આવ્યો તો તારી વાત છે. બધાંને ખાઈ જઈશ."

ખેડૂત ઘેર ગયો. ઘેર જઈને બધી વાત એણે પટલાણીને કહી. સાંભળીને પટલાણી વિચારમાં પડી ગઈ.

પટલાણી કહે, "એમ તે કંઈ આપણી વહાલી ગાય વાઘને અપાય કે ? વાઘ એને મારી ખાય. મારાં છોકરાં પછી દૂધ વગર જ રહેને !"

પટલાણી કહે, “એનો ઉપાય તો હું હમણાં જ કરું છું.” એમ કહી એ વાઘ પાસે જવા તૈયાર થઈ. લાંબો ડગલો એણે પહેરી લીધો. પગમાં ઊંચા જોડા પહેરી લીધા. માથે ઊંચી ઊંચી પાઘડી વીટાળી. હાથમાં દાતરડુ લીધું. એ ઘોડા ઉપર બેઠી અને ખેતર તરફ નીકળી પડી.

મારતે ઘોડે એને આવતી જોઈને વાઘને નવાઈ લાગી. બીક પણ લાગી. વાઘની પાસે જઈને પટલાણી કહે, “ખૂબ ભૂખ લાગી છે. બાર વાઘને ખાઈ જાઉં એટલી ભૂખ લાગી છે. ખાઉં ખાઉં, જે મળે તેને ખાઉં.”

વાઘ તો આ સાંભળીને ખૂબ જ ડરી ગયો. એને થયું, “નાસ રે મારા બાપ ! આ તો કોઈ જબરું લાગે છે. એ જરૂર મને ખાઈ જશે.”

વાઘ તો ઊભી પૂંછડીએ જાય નાઠો. આ બાજુ ફરી ન આવવાના એણે સોગંદ લીધા.

અને પટલાણી પછી ઘેર જઈને નિરાંતે સૂઈ ગઈ.

**લેખક : સ્વ. શંભુપ્રસાદ ભટ્ટ**